મીરાબાઈએ એશિયાડ મેડલના દુકાળનો અંત કર્યો, સ્કીટ બ્રોન્ઝથી શૂટિંગનું સન્માન બચ્યું

મીરાબાઇ ચાનુએ વેઇટલિફ્ટિંગમાં સિલ્વર જીતીને છેલ્લા 28 વર્ષથી એશિયાડની આ ઇવેન્ટમાં ચાલતા મેડલના દુષ્કાળનો અંત કર્યો

એર પિસ્તોલમાં મનુ ભાકર, સુરુચી સિંહ અને એશા સિંહ પાસેની આશાઓ ઠગારી નીવડી, સ્કીટ ટીમોએ બ્રોન્ઝ જીત્યા

વુશુમાં રોશીબીના ફાઇનલમાં, જય મીના બ્રોન્ઝ જીતી સોફ્ટ ટેનિસ ઇવેન્ટમાં મેડલ જીતનારો પહેલો ભારતીય બન્યો

મહિલા હોકી ટીમની આગેકૂચ યથાવત, કબડ્ડીમાં બંને ટીમો પણ જીતી, ટેબલટેનિસ મિક્ષ્ડ ટીમમાં બે જોડી અંતિમ આઠમાં

નાગોયા, તા. 23 : દિગ્ગજ વેઇટલિફ્ટર મીરાબાઈ ચાનુએ આજે બુધવારે અહીં એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ જીતીને ખંડના લાંબા સમયથી ચાલી રહેલા મેડલના દુષ્કાળનો અંત કર્યો, આ સિલ્વર 1998માં કર્ણમ મલ્લેશ્વરીના સિલ્વર મેડલ પછી વેઇટલિફ્ટિંગમાં ભારતનો પ્રથમ એશિયન ગેમ્સ મેડલ પણ હતો. જ્યારે સ્કીટ ટીમો તરફથી બે બ્રોન્ઝ મેડલ જીતવા છતાં ભારતનું શૂટિંગ અભિયાન રોલર-કોસ્ટર રાઇડ સમાન રહ્યું, જેમાં બે વખતની ઓલિમ્પિક્સ મેડલિસ્ટ મનુ ભાકર, સુરુચી સિંહ અને એશા સિંહ જેવી વધુ ચર્ચિત ભારતીય મહિલા પિસ્તોલ શૂટર્સ 10 મીટર એર પિસ્તોલ ટીમ અને વ્યક્તિગત ઇવેન્ટ્સમાં મેડલ જીતવામાં નિષ્ફળ ગયા. અભય સિંહ, વીર ચોત્રાની અને તન્વી ખન્નાએ પોતપોતાના સિંગલ્સ મેચોમાં સરળ જીત મેળવીને સ્ક્વોશ સ્પર્ધાના છેલ્લા 16માં પ્રવેશ કર્યો. ડ્રેગ-ફ્લિકર દીપિકાએ રેકોર્ડ નવ ગોલથી ભારતીય મહિલા હોકી ટીમે પૂલ બી મેચમાં થાઇલેન્ડ સામે 20-1થી વિજય મેળવીને પોતાનો અજેય પ્રવાસ ચાલુ રાખ્યો હતો. ભારતે કબડ્ડીમાં પણ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું, પુરુષ અને મહિલા બંને ટીમોએ અનુક્રમે બાંગ્લાદેશ અને ઈરાન સામેની ગ્રુપ સ્ટેજ મેચોમાં વિજય મેળવ્યો. એકંદરે, ભારતે બુધવારે ચાર બ્રોન્ઝ મેડલ જીત્યા, જેમાં પુરુષોની બેડમિન્ટન ટીમ સેમીમાં હારતા બ્રોન્ઝથી સંતોષ માનવો પડ્યો જ્યારે સોફ્ટ ટેનિસ ખેલાડી જય મીના બ્રોન્ઝ જીતીને એશિયન ગેમ્સની આ રમતમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય બન્યો હતો. સ્કીટમાં પુરુષો અને મહિલાઓની ટીમના બ્રોન્ઝ મેડલથી ભારત શૂટિંગમાં સંપૂર્ણ હારથી બચી ગયું. દરમિયાન, વુશુ ખેલાડી રોશીબીના દેવી નાઓરેમે ઇન્ડોનેશિયાની થાનિયા કુસુમિંગટાસને 2-0થી હરાવીને મહિલાઓની 60 કિગ્રાની ફાઇનલમાં પહોંચીને પોતાની ગોલ્ડ મેડલની આશા જીવંત રાખી. ટેબલ ટેનિસ મિક્સ્ડ ડબલ્સ ઇવેન્ટમાં હરમીત દેસાઈ અને યશસ્વિની ઘોરપડે અને માનુષ શાહ અને દિયા ચિતાલેની ભારતીય જોડીએ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.

શૂટિંગમાં ભારતની પુરુષ અને મહિલા સ્કિટ ટીમે બ્રોન્ઝ જીત્યા

મહિલા સ્કિટ શૂટિંગ ટીમે એશિયન ગેમ્સના ઇતિહાસમાં ભારત માટે સૌપ્રથમ મેડલ જીતીને ઇતિહાસ રચ્યો

નાગોયા, તા. 23 (પીટીઆઇ) : એશિયન ગેમ્સ શૂટિંગ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન ચાલુ રાખી આજે બુધવારે પુરુષ અને મહિલા બંને સ્કિટ ટીમોએ બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યા હતા. જોકે, વ્યક્તિગત ફાઇનલમાં ભારતીય શૂટરો મેડલ જીતવામાં નિષ્ફળ રહ્યા હતા અને ચોથા સ્થાને રહ્યા હતા.

ત્રણ દિવસના ક્વોલિફિકેશન રાઉન્ડ બાદ રાયઝા ઢિલોન, મહેશ્વરી ચૌહાણ અને પરીનાઝ ધાલીવાલની ભારતીય મહિલા ત્રિપુટીએ 331ના કુલ સ્કોર સાથે ત્રીજું સ્થાન મેળવ્યું હતું. ચીને 357ના સ્કોર સાથે ગોલ્ડ અને કઝાકિસ્તાને 336ના સ્કોર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. એશિયન ગેમ્સના ઇતિહાસમાં મહિલાઓની ટીમ સ્કિટ સ્પર્ધામાં ભારતનો આ સર્વપ્રથમ મેડલ છે. વ્યક્તિગત ફાઇનલમાં રાયઝા 23ના સ્કોર સાથે ચોથા સ્થાને રહી હતી, જ્યારે પરીનાઝ 8ના સ્કોર સાથે સૌથી છેલ્લા ક્રમે રહી હતી. ક્વોલિફિકેશનમાં પરીનાઝ અને રાયઝાએ 125માંથી 111 પોઇન્ટ અને મહેશ્વરીએ 109 પોઇન્ટ મેળવ્યા હતા.

બીજી તરફ, પુરુષોની ટીમે પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અનંતજીત સિંહ નરુકા (119), અનુભવી મિરાજ અહમદ ખાન (116) અને ભવતેગ સિંહ ગિલ (111)ની ટીમે 346ના કુલ સ્કોર સાથે સફળતા મેળવી હતી. એશિયન ચેમ્પિયનશિપના ગોલ્ડ મેડલિસ્ટ અનંતજીત વ્યક્તિગત ફાઇનલમાં પહોંચ્યા હતા પરંતુ 25નો સ્કોર કરીને ચોથા સ્થાને રહી મેડલ ચુકી ગયો હતો.

મિરાબાઈએ સિલ્વર જીતી 28 વર્ષના દુષ્કાળનો અંત કર્યો

એશિયન ગેમ્સ વેઇટલિફ્ટિંગમાં 1998માં કર્ણમ મલેશ્વરીના સિલ્વર પછી મીરાબાઇ મેડલ જીતી

ઓલિમ્પિક્સ સિલ્વર મેડલિસ્ટ ચાનુએ 198 કિલો વજન ઊંચકી પોતાની 12 વર્ષની રાહનો અંત કર્યો

નાગોયા, તા. 23 (પીટીઆઇ) : ભારતની સ્ટાર વેટલિફ્ટર મિરાબાઈ ચાનુએ પોતાની 12 વર્ષની લાંબી રાહ, નિષ્ફળતાઓ અને ઈજાઓના આઘાતને પાછળ છોડીને આજે બુધવારે એશિયન ગેમ્સમાં મહિલાઓની 49 કિલોગ્રામ કેટેગરીમાં સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. ટોક્યો ઓલિમ્પિક્સની સિલ્વર મેડલ વિજેતા ચાનુએ કુલ 198 કિલો (88 કિલો સ્નેચ + 111 કિલો ક્લીન એન્ડ જર્ક) વજન ઊંચકીને આ મેડલ જીત્યો હતો. 1998માં કર્ણમ મલ્લેશ્વરીના સિલ્વર મેડલ પછી એશિયન ગેમ્સના વેટલિફ્ટિંગમાં ભારતનો આ પ્રથમ મેડલ છે.

મીરાબાઈએ અત્યાર સુધી ઓલિમ્પિક્સ અને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મેડલ જીત્યા છે, પરંતુ તે એશિયન ગેમ્સમાં તે તેનાથી વંચિત રહી હતી, જે ઇચ્છા આજે પુરી થઇ હતી. મેડલ જીત્યા બાદ ચાનુએ જણાવ્યું હતું કે, એશિયન ગેમ્સમાં મેડલ જીતવો એ મારું સપનું હતું. હું 2014થી આ મેડલ પાછળ દોડી રહી હતી અને આજે મારું જીવન પૂર્ણ થઈ ગયું છે. 2014માં નવમા ક્રમે રહ્યા બાદ, 2018માં પીઠની ઈજા અને 2023ના હાંગઝોઉ રમતોમાં નિતંબની ઈજાના કારણે તે મેડલથી વંચિત રહી હતી. પોતાની માતાએ આપેલી ઓલિમ્પિક્સ રિંગ આકારની ગોલ્ડ ઈયરિંગ્સ અને વાળમાં ત્રિરંગા રિબન પહેરીને મેદાનમાં ઉતરેલી ચાનુએ સ્નેચમાં 87 કિલો અને ક્લીન એન્ડ જર્કમાં 111 કિલો વજન સરળતાથી ઊંચક્યું હતું. સિલ્વર મેડલ નિશ્ચિત થતાં તેણે આખરી પ્રયાસ છોડી દીધો હતો. ઉત્તર કોરિયાની રી સોંગ ગુમે વિશ્વ રેકોર્ડ સાથે 215 કિલો વજન ઊંચકીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઈન્ડોનેશિયાની લુલુક ડિયાના ટ્રિ વિજયાનાએ 191 કિલો વજન ઉંચકીને બ્રોન્ઝ જીત્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મિરાબાઈ ચાનુની આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરતા અભિનંદન પાઠવ્યા હતા.

એશિયન ગેમ્સમાં આજનું ભારતનું શેડ્યુલ

વુશુ : મહિલા સાન્ડા ૬૦ કિગ્રા ફાઇનલ : સવારે 6:10 વાગ્યે
શૂટિંગ : પુરુષોની ૧૦ મીટર એર પિસ્તોલ ક્વોલિફિકેશન : સવારે 6:15 વાગ્યે
શૂટિંગ : પુરુષોની ૧૦ મીટર એર પિસ્તોલ ટીમ ફાઇનલ : સવારે 6:15 વાગ્યે
એથ્લેટિક્સ : મહિલા હેપ્ટાથલોન 100 મીટર હર્ડલ્સ હીટ 1 : સવારે 6:30 વાગ્યે
શૂટિંગ : સ્કીટ મિક્ષ્ડ ટીમ ક્વોલિફિકેશન : સવારે 6:30 વાગ્યે
ટેબલ ટેનિસ : વિમેન્સ ડબલ્સ રાઉન્ડ ઓફ 32 : સવારે 6:30 વાગ્યે
એથ્લેટિક્સ : હેપ્ટાથલોન ૧૦૦ મીટર હર્ડલ્સ, હીટ 2 : સવારે 6:38 વાગ્યે
સ્વિમિંગ : પુરુષોની 50 મીટર બટરફ્લાય હીટ 5 : સવારે 6:46 વાગ્યે
કેનો સ્પ્રિન્ટ : મહિલા કાયક ડબલ 500 મીટર સેમિફાઇનલ : સવારે 6:50 વાગ્યે
એથ્લેટિક્સ : ભારતીય ટીમ મિક્ષ્ડ 4x400 મીટર રિલે રાઉન્ડ 1 : સવારે 7:01 વાગ્યે
એથ્લેટિક્સ : મહિલા હેપ્ટાથલોન હાઇ જમ્પ : સવારે 7:10 વાગ્યે
ટેબલ ટેનિસ : વિમેન્સ ડબલ્સ રાઉન્ડ ઓફ 32 : સવારે 7:10 વાગ્યે
સ્વિમિંગ : પુરુષોની 800 મીટર ફ્રીસ્ટાઇલ ફાઇનલ-બી : સવારે 7:21 વાગ્યે
સ્વિમિંગ : પુરુષોની 4x100 મીટરહ ફ્રીસ્ટાઈલ રિલે હીટ 1 : સવારે 7:32 વાગ્યે
સ્ક્વોશ : મિક્ષ્ડ ડબલ્સમાં રાઉન્ડ ઓફ 16 : સવારે 8:00 વાગ્યે
ફેન્સિંગ : મહિલાઓના સેબર વ્યક્તિગત પૂલ મુકાબલો : સવારે 8:15 વાગ્યે
ટેબલ ટેનિસ : પુરુષોના સિંગલ્સના રાઉન્ડ ઓફ 64 : સવારે 8:35 વાગ્યે
કબડ્ડી : ભારત વિ. ચાઇનીઝ તાઇપેઇ, પુરુષોની ગ્રુપ A મેચ : સવારે 9:45 વાગ્યે
બોક્સિંગ : પુરુષોના ૭૦ કિગ્રા રાઉન્ડ ઓફ ૧૬ : સવારે 10:30 વાગ્યે
સ્ક્વોશ : મહિલા સિંગલ્સનો રાઉન્ડ ઓફ 16 : સવારે 10:30 વાગ્યે
કેનો સ્પ્રિન્ટ : પુરુષોની કાયક સિંગલ 500 મીટર હીટ 2 : સવારે 11:10 વાગ્યે
શૂટિંગ : સ્કીટ મિક્ષ્ડ ટીમ ફાઇનલ : સવારે 11:15 વાગ્યે
સ્ક્વોશ : પુરુષ સિંગલ્સના રાઉન્ડ ઓફ 16 : સવારે 11:15 વાગ્યે
હોકી : પુરુષોની પૂલ એ મેચ ભારત વિ. દક્ષિણ કોરિયા : સવારે 11:30 વાગ્યે
કેનો સ્પ્રિન્ટ : મિક્ષ્ડ કાયક ડબલ 500 મીટર હીટ-2 : સવારે 11:45 વાગ્યે
રોઈંગ : પુરુષોની લાઇટવેઇટ ડબલ સ્કલ્સ ફાઇનલ એ : બપોરે 12:00 વાગ્યે
રોઈંગ : પુરુષોની ક્વાડ્રપલ સ્કલ્સ ફાઇનલ એ : બપોરે 1:00 વાગ્યે
બોક્સિંગ : મહિલાઓની 51 કિગ્રા રાઉન્ડ ઓફ 16 : બપોરે 2:15 વાગ્યે
જિમ્નેસ્ટિક્સ : પ્રણતિ નાયક મહિલા વોલ્ટ ફાઇનલ : બપોરે 2:25 વાગ્યે
બોક્સિંગ : મહિલાઓની 65 કિગ્રા રાઉન્ડ ઓફ 16 : બપોરે 2:45 વાગ્યે
એથ્લેટિક્સ : મહિલા હેપ્ટાથલોન શોટ પુટ : બપોરે 3:35 વાગ્યે
એથ્લેટિક્સ : મહિલાઓની ટ્રિપલ જમ્પ ફાઇનલ : સાંજે 4:14 વાગ્યે
કબડ્ડી : ભારત વિ જાપાન, મહિલા ગ્રુપ A મેચ 6 : સાંજે 4:15 વાગ્યે
એથ્લેટિક્સ : પુરુષોની 100 મીટર દોડ રાઉન્ડ 1 હીટ-1 : સાંજે 4:38 વાગ્યે
એથ્લેટિક્સ : પુરુષોની 100 મીટર દોડ રાઉન્ડ 1, હીટ-4 : સાંજે 5:02 વાગ્યે
એથ્લેટિક્સ : મહિલા હેપ્ટાથલોન 200 મીટર : સાંજે 5:30 વાગ્યે
એથ્લેટિક્સ : મહિલાઓની 10,000 મીટર દોડની ફાઇનલ : સાંજે 5:55 વાગ્યે

ભારત સામેની ટી-20 સીરિઝમાં ન્યૂઝીલેન્ડે સાત ઝડપી બોલરને સમાવ્યા

22 ઓક્ટોબરથી શરૂ થતી 5 મેચોની સીરિઝમાં મિચેલ સેન્ટનર કેપ્ટન, ઇજાગ્રસ્ત રચિન રવિન્દ્ર બહાર

ટી-20 સીરિઝનું શેડ્યુલ

તારીખ	મેચ	સ્થળ
22 ઓક્ટોબર	પ્રથમ ટી-20	ક્રાઇસ્ટચર્ચ
24 ઓક્ટોબર	બીજી ટી-20	ક્રાઇસ્ટચર્ચ
27 ઓક્ટોબર	ત્રીજી ટી-20	વેલિંગ્ટન
30 ઓક્ટોબર	ચોથી ટી-20	ઓકલેન્ડ
1 નવેમ્બર	પાંચમી ટી-20	હેમિલ્ટન

વેલિંગ્ટન, તા. 23 (પીટીઆઇ) : ભારત સામે 22 ઓક્ટોબરથી ક્રાઇસ્ટચર્ચ ખાતે શરૂ થઈ રહેલી 5 મેચોની ટી-20 ઇન્ટરનેશનલ સીરિઝ માટે ન્યૂઝીલેન્ડે 16 સભ્યોની વિસ્તૃત ટીમની જાહેરાત કરી છે. વર્તમાન ટી-20 વિશ્વ ચેમ્પિયન ભારત સામે 11 દિવસમાં 4 શહેરોમાં રમાનારી આ શ્રેણીમાં કીવી ટીમે બોલરોના વર્કલોડ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને 7 ફાસ્ટ બોલરોને સ્થાન આપ્યું છે. અનુભવી ઓલરાઉન્ડર મિચેલ સેન્ટનર ટીમનું નેતૃત્વ કરશે. આ વર્ષના ટી20 વર્લ્ડ કપમાં રનર્સ-અપ રહેલી કીવી ટીમમાંથી 13 ખેલાડીઓને યથાવત રાખવામાં આવ્યા છે. ઇજા બાદ વાપસી કરી રહેલા ઝડપી બોલર એડમ મિલ્ન અને ઓલરાઉન્ડર માઇકલ બ્રેસવેલનો ટીમમાં સમાવેશ કરાયો છે. 34 વર્ષીય મિલ્ન સિવાય લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, કાઇલ જેમીસન, જેકબ ડફી, ઝેક ફોલ્ક્સ અને નેથન સ્મિથ જેવા પેસ બોલરો આક્રમણની આગેવાની કરશે. બીજી તરફ, ઓલરાઉન્ડર રચિન રવિન્દ્ર ખભાની ઈજાના કારણે આ ટી20 શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. તેને સાજા થવામાં 6 અઠવાડિયા લાગશે અને તે 4 નવેમ્બરથી ઓકલેન્ડમાં શરૂ થતી વનડે શ્રેણી સુધી ફિટ થાય તેવી આશા છે.

ન્યૂઝીલેન્ડની ટી20 ટીમ

ફિન એલન, મેટ હેનરી, ગ્લેન ફિલિપ્સ, ઝેક ફોલ્ક્સ, માઇકલ બ્રેસવેલ, એડમ મિલ્ન, મિચેલ સેન્ટનર (કેપ્ટન), બેવોન જેકબ્સ, જેકબ ડફી, ડેરીલ મિચેલ, ટિમ સીફર્ટ, માર્ક ચેપમેન, કાઇલ જેમીસન, ડેવોન કોનવે, નેથન સ્મિથ, લોકી ફર્ગ્યુસન.

કુશાગ્રની સદી, મુલાનીની ચાર વિકેટથી ભારત A મજબૂત

પુડુચેરી, તા. 23 : કુમાર કુશાગ્રના 113 રન અને સ્પિનર શમ્સ મુલાનીના ચાર વિકેટના કારણે ભારત-એ ટીમે બુધવારે અહીં ચાર દિવસીય મેચના બીજા દિવસે ઓસ્ટ્રેલિયા-એ પર 163 રનની સરસાઇ મેળવી હતી. ભારત-એ ટીમે પાંચ વિકેટે 257 રનથી દિવસની શરૂઆત કરી અને કુશાગ્રની સાતમી ફર્સ્ટ ક્લાસ સદીની મદદથી તેમની પ્રથમ ઇનિંગમાં 334 રન બનાવ્યા હતા. તે પછી ડાબોડી સ્પિનર મુલાનીની બોલિંગ સામે ઓસ્ટ્રે લિયા-એ ટીમ 171 રનમાં ઓલઆઉટ થઇ હતી.

ભારતે જૂનિયર વન ડે સીરિઝમાં ઓસ્ટ્રેલિયાનો 3-0થી વ્હાઇટવોશ કર્યો

રાજકોટ, તા. 23 (પીટીઆઇ) : કેપ્ટન લક્ષ્ય રાયચંદાનીના શાનદાર નોટઆઉટ 110 રનની મદદથી ભારત અંડર-19 ટીમે બુધવારે ત્રીજી અને અંતિમ યુવા વનડેમાં ઓસ્ટ્રેલિયાને છ વિકેટથી હરાવીને ત્રણ મેચની સીરિઝમાં 3-0થી વ્હાઇટવોશ કર્યો હતો. આ પહેલા ભારતે પહેલી મેચમાં ઓસ્ટ્રેલિયાને સાત રનથી અને બીજી મેચમાં છ વિકેટથી હરાવ્યું હતું.

એશિયન ગેમ્સ મેડલ ટેલિ

ક્રમાંક	દેશ	ગોલ્ડ	સિલ્વર	બ્રોન્ઝ	કુલ
1	ચીન	48	20	10	78
2	જાપાન	15	25	27	67
3	સાઉથ કોરિયા	8	8	25	41
4	કઝાકિસ્તાન	7	4	8	19
5	થાઇલેન્ડ	5	3	4	12
6	હોંગકોંગ	3	6	7	16
7	ઇરાન	3	3	2	8
8	મલેશિયા	3	1	5	9
9	કોરિયા	2	1	3	6
13	ભારત	1	5	6	12

સોફ્ટ ટેનિસમાં જય મીણાએ ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ જીત્યો

સેમી ફાઇનલમાં જાપાનના કુરોસાકા સામે પરાજય છતાં દેવાસના 26 વર્ષીય ખેલાડીએ નવો ઇતિહાસ રચ્યો

નાગોયા, તા. 23, (પીટીઆઇ) : અહીં રમાઈ રહેલી એશિયન ગેમ્સમાં ભારતના 26 વર્ષીય સોફ્ટ ટેનિસ ખેલાડી જય મીણાએ પુરુષ સિંગલ્સની સેમિફાઈનલમાં પહોંચીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. આ સાથે જ તેમણે એશિયન ગેમ્સના ઈતિહાસમાં સોફ્ટ ટેનિસ રમત ક્ષેત્રે ભારતને સર્વપ્રથમ મેડલ અપાવવાની સિદ્ધિ મેળવી છે. બુધવારે યોજાયેલી 45 મિનિટની રોમાંચક સેમિફાઈનલ મેચમાં જાપાનના ટાકુયા કુરોસાકા સામે જય મીણાનો 2-4 (3-5, 1-4, 1-4, 4-1, 6-4, 1-4) થી પરાજય થયો હતો.

મધ્ય પ્રદેશના દેવાસ જિલ્લાના વતની અને 2022ની નેશનલ ગેમ્સના ગોલ્ડ મેડલિસ્ટ જય મીણાએ શરૂઆતના 3 ગેમ ગુમાવ્યા બાદ શાનદાર વાપસી કરી હતી. તેમણે ચોથી અને પાંચમી ગેમ જીતીને મેચમાં જીવંતતા લાવી દીધી હતી, પરંતુ છઠ્ઠી ગેમમાં જાપાની ખેલાડીએ ફરીથી પ્રભુત્વ મેળવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી હતી. આ મેચ બાદ જય મીણાએ ભાવુક બનીને જણાવ્યું હતું કે, આ મેડલ તેમના માટે ઓલિમ્પિક મેડલ સમાન છે અને આ તબક્કે પહોંચવા માટે ખેલાડી તથા તેમની ટીમે ભારે સંઘર્ષ અને દબાણમાંથી પસાર થવું પડે છે.

રોશિબિના વુશુ ફાઇનલમાં, નજર હવે ગોલ્ડ મેડલ પર

નાગોયા, તા. 23 : ભારતીય વુશુ ખેલાડી રોશીબીના દેવી નાઓરેમે એશિયન ગેમ્સમાં મહિલાઓની 60 કિલોગ્રામ કેટગરીની સેમી ફાઇનલમાં ઇન્ડોનેશિયાની થાનિયા કુસુમંગતિયાસને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. રોશિબિનાએ આઈચી પ્રીફેક્ચરલ માર્શલ આર્ટ્સ હોલમાં 2-0 થી મુકાબલો જીત્યો અને હવે તેનો સામનો ચીનની ઝિયાઓયુ ઝાંગ સાથે થશે. આ સાથે, 2018 અને 2022 એશિયન ગેમ્સના મેડલ વિજેતા રોશીબીનાના સંગ્રહમાં વધુ એક મેડલ ઉમેરાશે. રોશીબીનાએ એશિયન ગેમ્સ 2018 માં બ્રોન્ઝ મેડલ અને પછી એશિયન ગેમ્સ 2023 માં સિલ્વર મેડલ જીત્યો હતો.

ભારતીય પુરુષ બેડમિન્ટન ટીમે ચીન સામે હારતા બ્રોન્ઝથી સંતોષ માનવો પડ્યો

નાગોયા, તા. 23 : લક્ષ્ય સેન અને આયુષ શેટ્ટી તેમના ઉચ્ચ ક્રમાંકિત પ્રતિસ્પર્ધીઓ સામે અપેક્ષાઓ પર ખરા ઉતરવામાં નિષ્ફળ જતા ભારતીય પુરુષ બેડમિન્ટન ટીમ બુધવારે અહીં એશિયન ગેમ્સની સેમી ફાઇનલમાં ચીન સામે 1-3 થી હારી જતાં તેમણે બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. ભારતે 2023માં હાંગઝોઉમાં યોજાયેલી છેલ્લી એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ત્યારે પણ ભારતીય ટીમ ફાઇનલમાં ચીન સામે હારી હતી. ભારત માટે એકમાત્ર જીત સાત્વિકસાઇરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ મેળવી હતી.

મહિલા હોકી : દીપિકાના નવ ગોલથી ભારતે થાઇલેન્ડને કચડ્યું

કાકામિગાહારા, તા. 23 (પીટીઆઇ) : એશિયન ગેમ્સની મહિલા હોકી સ્પર્ધામાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન ચાલુ રાખતા પૂલ બીની મેચમાં થાઇલેન્ડને 20-1ના વિશાળ માર્જિનથી પરાજય આપ્યો છે. ભારતીય ડ્રેગ-ફ્લિકર દીપિકા સેહરાવતે એક જ મેચમાં રેકોર્ડ 9 ગોલ ફટકારીને વિજયમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. દીપિકાએ પેનલ્ટી કોર્નર પરથી તમામ 9 ગોલ નોંધાવીને નવો ઇતિહાસ રચ્યો હતો. મેચની શરૂઆતથી જ ભારતીય ટીમે થાઇલેન્ડના સંરક્ષણ પર સંપૂર્ણ વર્ચસ્વ જમાવ્યું હતું. દીપિકા ઉપરાંત નવનીત કૌરે 4 ગોલ અને રુતુજા દાદાસો પીસાળે હેટ્રિક સાથે 3 ગોલ કર્યા હતા. નેહા ગોયલ, લાલરેમસિયામી, સાક્ષી રાણા અને કેપ્ટન સલીમા ટેટે પણ ગોલ નોંધાવ્યા હતા. દીપિકાએ આ સ્પર્ધામાં અત્યાર સુધીમાં કુલ 20 ગોલ કર્યા છે, જેમાં ઉઝબેકિસ્તાન સામે 8 અને ઇન્ડોનેશિયા સામે 3 ગોલ સામેલ હતા.

મિક્ષ્ડ ડબલ્સ ટેબલ ટેનિસ : બે ભારતીય જોડી ક્વાર્ટર ફાઇનલમાં

નાગોયા, તા. 23 (પીટીઆઇ) : હરમીત દેસાઈ અને યશસ્વિની ઘોરપડે તેમજ માનુષ શાહ અને દિયા ચિતાલેની ભારતીય જોડીએ બુધવારે અહીં એશિયન ગેમ્સમાં મિક્ષ્ડ ડબલ્સ ટેબલ ટેનિસ ઇવેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં, શાહ અને ચિતાલેએ માલદીવની જોડી મૂસા અહેમદ અને ઐશાથ નાઝિમને 11-0, 11-7, 11-6 થી હરાવ્યા હતા. હવે તેઓ ગુરુવારે ક્વાર્ટર ફાઇનલમાં હોંગકોંગના ડૂ હોઇ કિમ અને વોંગ ચુન ટીંગ સામે ટકરાશે. આ મેચમાં જીત ભારતીય જોડી માટે મેડલ સુનિશ્ચિત કરશે.

સુડોકુ ૯૯૩૬ 'કૃતિ'

૮					૬	૪	૧	૫
	૬	૧	૯	૪	૫			૮
૫	૪		૮		૨			૩
	૭		૪			૧		
		૮	૬	૨	૧		૪	૭
૧	૩		૫		૭	૮	૬	૨
૭	૯			૩	૪	૫		
૬			૭	૫	૮		૨	૪
૪		૫	૨	૬			૩	૧

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

અનિદ્રા

આહાર, નિદ્રા, ભય, મૈથુન જીવંત હોવાના પુરાવા ગણાય છે. ઊંઘ ન આવે એ બહુ ગંભીર પીડા છે. રોજ રાત્રે બે ગ્રામ પીપળાની લાખનું ચૂર્ણ, ભેંસના દૂધ સાથે લેવું.

આજનું પંચાંગ

તા. 24/09/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** ભાદરવો
તિથિઃ સુદઃ તેરસઃ 23:19: પ્રદોષ
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસોઃ 02
યોગ : ધૃતિ **કરણઃ** કૌવલ
નક્ષત્ર : ધનિષ્ઠાઃ- 10:35 પછી શતભિષા
રાશિઃ કુંભ (ગ,સ,શ,ષ)
દિવસ : મિશ્ર- ગૌત્રિ રાત્રિ પ્રારંભ
સુરતમાં સૂર્યોદય : 06:29 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:32
નવકારસી : 07:17
પારસી વર્ષ : 1396 અરદીબેહેસ્ત માસનો 11મો રોજ
મુસલમાન વર્ષ : 1448, રબિઉલ આખર માસનો 12મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
રાત્રિનાં ચોઘડિયાંઃ અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરેઃ 13.30થી 15:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): નવા કામ માટે નવી યોજના બને. બૌદ્ધિક લોકોનું માર્ગદર્શન મળે. સ્વભાવ ઉગ્ર અને સ્વતંત્ર રહે.
વૃષભ (બ,વ,ઉ,): આર્થિક બાબતે ચોક્કસ બનશો. વાદ-વિવાદથી ઘરમાં અશાંતિ વધે. ખર્ચા વધશે.
મિથુન (ક,છ,ઘ,): કોઇના પર વિશ્વાસ મુકવો નહી. ઘરમાં તાલમેળ રાખવો. આગ, અકસ્માતથી સાવધાન રહેવું.
કર્ક (ડ,હ,): ઓનલાઇન વેપાર કે લેવડ-દેવડમાં સાવધાની રાખવી. સરકારી કામમાં સાવધાની રાખવી.
સિંહ (મ,ટ,): મિત્રોનો સાથ મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઈર્ષાળુથી અશાંતિ વધશે. આવક વધે.
કન્યા (પ,ઠ,ણ,): પોતાના કામમાં સાવધાની રાખવી. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું. અચાનક ધંધામાં આવક વધશે.
તુલા (ર,ત,): ટીમ વર્કનો લાભ મળે. બૌદ્ધિ કાર્યમાં યસ મળે. કાયદા કાનુન બાબતે પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન,ય,): વિશ્વાસઘાત થઇ શકે છે. સહી-સિક્કા બાબતે સાવધાન રહેવું. આગ, અકસ્માતથી સાવધાન.
ધન (ભ,ધ,ફ,ઢ,): ભાગીદારીમાં નવી યોજનામાં તાલમેળ રહે. સામાજીક કામ થાય રોજની આવક વધે.
મકર (ખ,જ,): લોભ લાલચથી બચવું. નવી નોકરીની શક્યતા રહે. આરોગ્ય નરમ-ગરમ રહે.
કુંભ (ગ,સ,શ,ષ,): ઉચ્ચ શિક્ષણ મોજ-શોખ, પ્રવાસ, શેર બજાર અને લેખનને લગતો કામમાં પ્રગતિ થાય.
મીન (દ,ચ,ઝ,થ,): જમીન, ખેતી વાડીને લગતાં કામ થાય. નવી ઘરની યોજના બને. પ્રવાસમાં ધીરજ.

કોઈ પણ સાલમાં 24 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતીની સાથે નવી તક અને જવાબદારી વધશે. આરોગ્ય નરમ-ગરમ રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. વેપાર ધંધામાં હરીફો સતાવશે. સમાજમાં માન વધશે. ઊંમરલાયકના વિવાહ થાય વિદેશનો કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ટેકનોલોજીથી લાભ થાય. ઓનલાઇન વેપાર-ધંધામાં સાવધાની રાખવી. સંતાનોના કામ, અભ્યાસ, કેરીયરમાં પ્રગતિ થાય. આક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. સરકારી કામ, કોર્ટ- કચેરીમાં સામાન્ય રહે. છતાં સહી સિક્કામાં સાવધાન રહેવું. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડે. પ્રેમ વિવાહમાં ધીરજ રાખવી. વારસા, જાયદાદ, જમીન જેવો કામ ધીમાં પડે. યાત્રા, પ્રવાસ, ધર્મ, કર્મ થાય. એપ્રિલ- મે-સપ્ટેમ્બર- ઓક્ટોબર, શુક્ર-શનિવાર, 06, 15, 24 તારીખે નવા કામ કરવો. સફેદ રંગનો ઉપયોગ વધારવો. જુલાઈ- ઓગસ્ટ, બુધવાર 01,10, 19, 28 તારીખે નવા કામ ટાળવો. ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. શુક્રવારના ઉપાય કરવાં.

શબ્દગુંફન - ૭૨૫૨

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. શિવલિંગ પર લટકતો ઘડો (૩)
૩. ધર્મને લગતું (૩)
૫. ઉમ્મર (૨)
૬. રિવાજ, પ્રથા (૩)
૮. દાંત (૩)
૯. પર્વત (૨)
૧૦. પુરુષ (૨)
૧૧. રાત, રજની (૨)
૧૨. રહેઠાણ (૪)
૧૪. બટન ઘાલવાનું નાકું (૨)
૧૫. દુકાન, ગુજરી, બજાર (૨)
૧૬. વાર્તા, કહાણી (૨)
૧૮. પાણીનો કુંડ (૨)
૧૯. જીતેન્દ્ર-રાજેશ ખન્નાની એક ફિલ્મ (૪)
૨૧. નિર્ણય, ઉકેલ (૨)
૨૨. કૃપા દાખવનારા (૩)
૨૪. પારકું, અન્ય (૨)
૨૬. મોટાઈ (૪)
૨૯. સ્મિત (૫)
૩૨. દુનિયા (૨)
33. કાગળનાં નાનાં ટુકડા (૪)

ઊભી ચાવી
૧. એકદંત, ગજાનન (૪)
૨. બાણ (૨)
3. રહેવાનું સ્થળ (૨)
૪. યોગ્ય કિંમત (૩)
૫. સિંહ (૪)
૭. સુંદર, ઉત્તમ (૩)
૧૦. દોરડાં પર નાચનાર (૨)
૧૨. ટેક, આબરૂ (૨)
૧૩. નિમંત્રણ (૩)
૧૪. કથા (૨)
૧૫. મોજુદ, પ્રત્યક્ષ (૩)
૧૬. શરીરની ઊંચાઇ (૨)
૧૭. ઉકેલ (૨)
૧૯. બાળભાષામાં ચવાણું (૨)
૨૦. બાતમી, પગેરું (૩)
૨૧. પ્રત્યેક, દરેક (૨)
૨૩. હીરો (૩)
૨૪. પ્રતિજ્ઞા (૨)
૨૫. હિંમત (૨)
૨૬. મોટું (૨)
૨૭. પાછું (૩)
૨૮. નસ, વળણ (૨)
30. સુંદર સ્ત્રી (૨)
૩૧. થોડા વાળની સેર (૨)
૩૨. આદમી (૨)